# Paternity Leave and Paternity Pay

# પૅટર્નિટી લીવ એન્ડ પૅટર્નિટી પે

# બાળકના જન્મ વખતે બાપને મળતી રજા અને પગારની રકમ

## પૅટર્નિટી લીવ

એપ્રિલ ૨૦૦૩ પછીથી પૅટર્નિટી લીવ લેવાનો હક્ક બાપને મળતો થયો છે. બાળક પાચ વર્ષનું થાય ત્યાં સુધી પેરેન્ટલ લીવ (બાળઉછેર માટેની રજા) માતા તથા પિતા બન્નેને મળી શકે છે.

## પૅટર્નિટી લીવનો સમયગાળો

કામેથી ચાલુ પગારે બે વીક સુધીની રજા પૅટર્નિટી લીવ તરીકે લઇ શકાય છે. લગાતાર એક કે બે વીક લઇ શકાય, છુટક દિવસો કે બે અલગ વીક ના લઇ શકાય. બાળકના જન્મ પછી (વહેલું જન્મ પામે તો સુવાવડનો જે અપેક્ષિત સમય હતો ત્યારથી), યા એને દત્તક લેવાની તારીખ પછી, ૫૬ દિવસની અંદર આ રજા લઇ લેવી જોઇએ. બાળકની સંભાળ અર્થે યા એની માતાને ટેકો આપવા અર્થે જ આ રજા લઇ શકાય.

## પૅટર્નિટી લીવ કોણ લઇ શકે?

બાળકના ઉછેરની જવાબદારી તમારે શિરે હોય યા આવવાની હોય, અને બાળકની સંભાળ અર્થે યા એની માતાને ટેકો આપવા અર્થે તમે રજા લેવા માગતા હો, તેમ જ નીચે બતાવેલ બાબત લાગુ પડે તો તમે પૅટર્નિટી લીવ લઇ શકશો:

- તમે એ બાળકના કુદરતી બાપ, જનક બાપ હો;
- એ બાળકની માતાના તમે પતિ યા અપરિણિત જીવનસાથી હો (સમલૈંગિક યાને કે તમે પોતે સ્ત્રી હો તો પણ માન્ય); અથવા,
- બાળકને દત્તક લેનારના તમે જીવનસાથી (એની સાથે પરણ્યા હો કે ના પરણ્યા હો), અથવા દત્તક લેવામાં તમે બન્ને સહિયારા હો (અને તમારા સહચર આ માટે એડોપ્શન લીવ લેતા હોય).

નીચે બતાવેલ તારીખ સુધીમાં તમે તમારા એમ્પ્લોયરને ત્યાં કમ-સે-કમ ૨૬ વીકની નોકરી કરી હોય તો તમને પૅટર્નિટી લીવ માટે યોગ્ય ગણવામાં આવશે:

- બાળકના જન્મની અપેક્ષિત તારીખ કરતાં ૧૫ વીક પહેલા (બાળક વહેલું અવતરે તો પણ એના જન્મની અસલ અપેક્ષિત તારીખને જ ધ્યાનમાં લેવી) ની તારીખ; અથવા,
- દત્તક લેનારને જે વીકમાં જાણ કરવામાં આવે કે બાળક સાથે તેનો સમન્વય ગોઠવાઇ ગયો છે તે વીકના અંતની તારીખ.

# સ્ટેચ્યુટરી પૅટર્નિટી પે

વીકના £૧૦૦ લેખે, યા તમારી આવકના ૯૦ ટકાને હિસાબે – જો એ રકમ ઓછી હોય તો – તમને સ્ટેચ્યુટરી પૅટર્નિટી પે બે વીક સુધી મળી શકશે.

તમને પૅટર્નિટી લીવ માટે યોગ્ય ગણેલા હોય અને તમારી સરેરાશ આવક માન્ય નીચલી સપાટી (એપ્રિલ ૨૦૦૩થી વીકના £૭૭) જેટલી યા એથી વધારે હોય તો તમને સ્ટેચ્યુટરી પૅટર્નિટી પે મળી શકશે.

પૅટર્નિટી લીવ પૂરી થયે તમે પાછા કામે ના લાગો તો આ સ્ટેચ્યુટરી પૅટર્નિટી પેની રકમ પરત નથી કરવાની હોતી. અમુક કંપનીઓમાં તો કોન્ટ્રાક્ટમાં જ પૅટર્નિટી પે માટે ખાસ જોગવાઇ હોય છે.

તમને સ્ટેચ્યુટરી પૅટર્નિટી પે માટે અયોગ્ય ઠેરવવામાં આવે તો કદાચ બેનિફિટ થકી અને ટૅક્સ ક્રેડીટ થકી આર્થિક મદદ મળી શકશે.

સદા યાદ રાખો – તમારા અધિકારો બાબત તમને કોઇ સમસ્યા હોય તો તેનો ઝડપથી અને અસરકારક રીતે ઉકેલ લાવવા માટે એમ્પ્લોયર જોડે વાત કરવી.  વિધિવત્ કાર્યવાહીમાં પડતા પહેલા કોઇ જાણકાર પાસેથી સલાહ લઇ લેવી.